દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૧ જુલાઈ, ૨૦૨૬

# મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકોનાં રાજીનામા: ઇસરો સામે નવો પડકાર

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા( ISRO ) હાલ છેલ્લા કેટલાક સમયથી એક નવા પડકારનો સામનો કરી રહી છે. તેના ૧૦૦ કરતા વધુ વૈજ્ઞાનિકોએ એક પછી એક રાજીનામા આપી દીધા છે અને આ સંસ્થા છોડી જનારા વૈજ્ઞાનિકોમાંથી કેટલાક તો મહત્વના પ્રોજેક્ટો સાથે સંકળાયેલા હતા. ઇસરો છેલ્લા કેટલાક સમયમાં તેના ઉપરા છાપરી નિષ્ફળ ગયેલા કેટલાક પ્રોજેક્ટોને કારણે થોડી મુશ્કેલીમાં હતી, જો કે આ નિષ્ફળ ગયેલા પ્રોજેક્ટો કે કાર્યક્રમો અતિ-મહત્વના ન હતા, છતાં તે સ્થિતિ મૂંઝવણપ્રેરક તો હતી જ. તેમાં હવે આ વૈજ્ઞાનિકોના રાજીનામાઓની સમસ્યા આવી ગઇ. અલબત્ત, ઇસરોની નેત્રદીપક સિદ્ધિઓ જોતા તે આ સમસ્યાઓના પડકારોને પહોંચી વળશે એવી આશા રાખવી અસ્થાને નહીં હોય.

ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસે ઇસરોમાંથી વૈજ્ઞાનિકોના સામૂહિક પલાયનને રોકવા માટે હસ્તક્ષેપ કરવો પડ્યો છે. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન( ISRO )માં વધી રહેલા રાજીનામાના પ્રવાહને રોકવા માટે તેણે એક નવો આદેશ જાહેર કર્યો છે. આ આદેશ ગગનયાન હ્યુમન સ્પેસફ્લાઇટ પ્રોગ્રામ સહિતના અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મિશનો પર કામ કરી રહેલા વૈજ્ઞાનિકોની સ્વૈચ્છિક નિવૃત્તિ અને રાજીનામા સંબંધિત નિયમોને વધુ કડક બનાવે છે. ૧૪ જુલાઈના એક આંતરિક મેમોરેન્ડમમાં ઇસરોના કેન્દ્રોને ગગનયાન અને અન્ય વ્યુહાત્મક રીતે મહત્વપૂર્ણ મિશનો સાથે સંકળાયેલા ગ્રુપ ‘A’ વૈજ્ઞાનિક અને તકનીકી કર્મચારીઓના રાજીનામા અથવા સ્વૈચ્છિક નિવૃત્તિના પ્રસ્તાવોને સામાન્ય પ્રક્રિયાની રીતે સ્વીકારી નહીં લેવાનો આદેશ અપાયો છે. તેના બદલે, હવે આવા તમામ પ્રસ્તાવોને અંતિમ મંજૂરી માટે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ( DoS ) પાસે મોકલવાના રહેશે. ઇસરોના અધિકારીઓ અનુસાર, આ પગલું એવા સમયે લેવાયું છે જ્યારે સંસ્થામાંથી અનુભવી વૈજ્ઞાનિકો મોટી સંખ્યામાં બહાર જઈ રહ્યા છે. જો કે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ દ્વારા સત્તાવાર રીતે નોકરી છોડનારાઓનો ચોક્કસ આંકડો જાહેર કરાયો નથી, પરંતુ ઇસરોના વિવિધ વર્તુળોએ જણાવ્યું કે તાજેતરના મહિનાઓમાં અંદાજે ૧૦૦ થી ૧૨૦ વૈજ્ઞાનિકોએ રાજીનામું આપ્યું હોઈ શકે છે. એક માહિતી મુજબ બેંગલુરુ સ્થિત યુ. આર. રાવ સેટેલાઇટ સેન્ટર( URSC )માંથી લગભગ ૮૦ વૈજ્ઞાનિકો અને તિરુવનંતપુરમ સ્થિત વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર ( VSSC ) માંથી આશરે ૨૦ વૈજ્ઞાનિકો છૂટા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વાસ્તવિક આંકડો આનાથી પણ વધારે હોઈ શકે છે, કારણ કે કેટલાક વધારાના રાજીનામા હાલ મૂલ્યાંકન હેઠળ છે. આ વિદાય લેનારાઓમાં દેશના કેટલાક વરિષ્ઠ અને હાઇ-પ્રોફાઇલ વૈજ્ઞાનિકો પણ સામેલ છે. જેમાં LVM3 ના પ્રોજેક્ટ ડિરેક્ટર વિક્ટર જોસેફ, URSCના SpaDeX પ્રોજેક્ટ ડિરેક્ટર અને આદિત્ય રાલાપલ્લીનો સમાવેશ થાય છે.

અવકાર વિભાગનો આ નવો નિર્દેશ નવેમ્બર ૨૦૨૦ માં અમલમાં મૂકવામાં આવેલા વહીવટી સુધારાને અસરકારક રીતે રદ કરે છે, જે અંતર્ગત વૈજ્ઞાનિક/એન્જિનિયર-SG સ્તર સુધીના વૈજ્ઞાનિકોના રાજીનામા અને સ્વૈચ્છિક નિવૃત્તિ મંજૂર કરવાની સત્તા ઇસરો કેન્દ્રના નિયામકોને સોંપવામાં આવી હતી. નવા નિયમો હેઠળ, નિયામકોને સૂચના આપવામાં આવી છે કે જ્યાં સુધી મહત્વપૂર્ણ મિશનો પૂર્ણ ન થાય ત્યાં સુધી આવી વિનંતીઓ સ્વીકારવી નહીં, અને તમામ કેસોમાં ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસની મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે. જો કે ઇસરોના ૧૪,૬૦૦ થી વધુ કર્મચારીઓના કુલ કર્મચારીબળની સરખામણીમાં આ રાજીનામાનો હિસ્સો ઘણો નાનો છે, પરંતુ અધિકારીઓ ખાસ કરીને એટલા માટે ચિંતિત છે કારણ કે નોકરી છોડનારા ઘણા લોકો ફ્લેગશિપ પ્રોજેક્ટ્સ સાથે સીધા જોડાયેલા છે. ખરો પડકાર ખાલી પડેલી જગ્યાઓ ભરવાનો નથી, પરંતુ ગગનયાન, ચંદ્રયાન અને SpaDeX જેવા જટિલ પ્રોજેક્ટ્સ દ્વારા વર્ષો દરમિયાન મેળવેલા વિશિષ્ટ મિશન-આધારિત અનુભવ અને કુશળતાની અછત પૂરી કરવાનો છે. ઇસરો માટે કર્મચારીઓનું નોકરી છોડવું એ તદ્દન નવો વિષય નથી. સત્તાવાર આંકડા દર્શાવે છે કે ૨૦૧૨થી ૨૦૨૪ ની વચ્ચે લગભગ ૭૦૦ કર્મચારીઓએ રાજીનામું આપ્યું હતું, જ્યારે ૨૦૦૪ થી ૨૦૦૭ ની વચ્ચે નવા ભરતી થયેલા આશરે અડધા કર્મચારીઓએ નોકરી છોડી દીધી હોવાનું અહેવાલો જણાવે છે. ઇસરોના તાજેતરના વાર્ષિક અહેવાલ મુજબ, હાલમાં ૧,૦૫૦ થી વધુ વૈજ્ઞાનિક, તકનીકી અને વહીવટી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલુ છે, જેની સાથે સેંકડો પ્રોજેક્ટ પોસ્ટ્સને કાયમી કરવા માટે કેડર રિસ્ટ્રક્ચરિંગ પણ કરવામાં આવી રહ્યું છે. મહત્વના પ્રોજેક્ટો સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકો અચાનક નોકરી છોડી જાય તે એક પડકાર તો છે જ, પરંતુ આપણે ચોક્કસ આશા રાખી શકીએ કે ઇસરો આ પડકારને પહોંચી વળશે.

## સૌથી તાકાતવર કોણ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ ગુરુજી પોતાના શિષ્યો સાથે જંગલ વિહાર માટે ગયા, જંગલમાં ફરતા ફરતા ગુરુજી જંગલી પ્રાણીઓની વાતો કરી રહ્યા હતા, આજુબાજુ ઉગેલી વનસ્પતિઓ વિષે માહિતી આપી રહ્યા હતા. બપોરે બધા એક તળાવને કીનતે મોટા ઝાડ હેઠળ આરામ કરવા બેઠા, ગુરુજીએ કહ્યું, ‘મારી જાણ મુજબજંગલના બધા પ્રાણીઓ આ તળાવમાં પાણી પીવા આવે છે.’ આ સાંભળી અમુક શિષ્યો ડરી ગયા કે જંગલી પ્રાણી આવ્શે તો શું કરીશું... અમુક શિષ્યો રાજી થઇ ગયા કે જંગલી પ્રાણીઓ વાઘ ,સિંહ, હાથી વગેરે જોવા મળશે. ગુરુજી બોલ્યા, ‘ચિંતા ન કરો મને ખબર છે પ્રાણીઓ આ તરફ નહિ પણ તળાવનો સામેનો પેલો દુરનો તટ છેત્યાં આવે છે દુરથી જોવા મળશે.’ જંગલી પ્રાણીઓ જોવા આતુર શિષ્યો તે તરફ ધ્યાન રાખી પ્રાણીઓ આવે તેની રાહ જોવા લાગ્યા. થોડીવાર રહીને જંગલનો રાજા સિંહ ત્યાં પાણી પીવા આવ્યો બધા દુરથી સિંહને જોઇને રાજી થયા અને થોડા ડરી પણ ગયા.થોડીવાર બાદ હાથી આવ્યો અને બીજા પ્રાણીઓ પણ ... એક શિષ્યએપૂછ્યું, ‘ગુરુજી, જંગલનો રાજા સિંહ છે એટલે તે સૌથી તાકાતવર હશે ને?’ ગુરુજીએ કહ્યું, ‘હા તે જંગલનો રાજા છે એટલે તાકાતવર તો ખરો જ પણ સુથી તાકતવર સિંહ ન કહેવાય.’ બીજા શિષ્યે કહ્યું, ‘ગુરુજી તો સિંહથી વધુ તાકતવર કોણ ગણાય??’ બીજા શિષ્યે કહ્યું, ‘ગુરુજી શું હાથી સૌથી તાકતવર ગણાય??’ ગુરુજીબોલ્યા, ‘હા હાથી પણ તાકતવર અને વાઘ પણ અને દીપડો પણ... તાકતવર તો ઘણા ઘણા પ્રાણી છે.’ શિષ્યેપૂછ્યું, ‘ગુરુજી, તો પછી આ બધામાંથી સૌથી તાકતવર કોણ તે કહો ?? ગુરુજી બોલ્યા, ‘આ બધા પ્રાણીઓ તાકતવર છે પણ સૌથી તાકાતવર આમાથી કોઈ નથી.’ પછી ગુરુજીએ ઝાડની બખોલમાં તૂટેલુંજાળું ફરીબનાવતા કરોળિયા તરફ આંગળી ચીંધી અને કહ્યું, ‘જુઓ સૌથી તાકતવર આ કરોળિયો છે ...’ બધાને કઈ સમજાયું નહિ એક શિષ્ય બોલ્યો, ‘ ગુરુજી આ એક કરોળિયો સૌથી તાકતવર કઈ રીતે ??’ ગુરુજી બોલ્યા, ‘સૌથી તાકતવર પ્રાણી એ નથી કે જેનામાં સૌથી વધુ શારીરિક બળ છે અને દરેક કામ કરી શકે છે પણ એ છે કે જે નાનું છે પણ ફરી ફરી સતત મહેનત કરવાનું છોડતું નથી.અને આ વાત એક જીવનની સમજ આપે છે કે સૌથી તાકતવર મનુષ્ય પણ એ નથી કે જેનામાં બાહુમાં બહુ તાકાત, મગજમાંબહુ જ્ઞાન અને બુદ્ધિ બળ છે અને જે ક્યારેય નિષ્ફળ જતો નથી પણ જે મનુષ્ય સામાન્ય છે, બહુ તાકતવર કે જ્ઞાની નથી પણ તે હારતા ડરતો નથી, જીવનમાંનીચે પડ્યા બાદ જે ફરી ઉભો થઇ ફરી પ્રયત્ન કરે છે.હાર્યા બાદ પણ જે ક્યારેય ફરી ફરી પ્રયત્નો કરવાનું છોડતો નથી તે સૌથી વધુ તાકતવર છે.’ ગુરુજીએ અલક મલકની વાતો સાથે સુંદર સમજ પણ આપી.

# આનંદો! શિક્ષકોને સિંહ તગેડવાની કામગીરી સોંપવામાં આવી નથી

**શિક્ષણ-સંસ્કાર**

કાર્તિકેય ભટ્ટ

**આ પગલાથી સિંહના હુમલા રોકાય કે ન રોકાય પણ જેના પર હુમલો થયો તેની સત્તાવાર ઓળખાણ સરળ પડે તે માટેનું આ પગલું છે**

ગુજરાતના ગૌરવ સમા જૂનાગઢ જિલ્લામાં ‘સિંહ’ એ પ્રવાસન માટે આકર્ષણનું વિશિષ્ટ કારણ છે. પણ ગીરનાં જંગલોમાં વસતા સિંહ હવે માણસો પરના હુમલાને કારણે ચર્ચામાં આવ્યા છે ! આમ તો માણસ જાતે જંગલ, નદી, તળાવ, પર્વત અને તેમાં રહેતાં સર્વ પશુ-પક્ષી-જીવ-જંતુ પર હુમલો કરેલો જ છે ! અને તેમનું જીવવું હરામ કર્યું જ છે. પણ ત્યાં છાપાં-ચેનલો નથી માટે ‘માણસ જાતના વધતા હુમલા’ સમાચાર નથી !

છેલ્લા મહિનામાં જ માણસો પર સિંહોના હુમલા વધતાં સરકારે હવે ગિરનાર યાત્રીઓનું રજીસ્ટ્રેશન ફરજીયાત કર્યું છે. આધાર કાર્ડ જેવા સત્તાવાર ઓળખ, પુરાવા સાથે રાખવાનું ફરમાન કર્યું છે!

જો કે રજીસ્ટ્રેશન કરવાથી કે આધારકાર્ડ સાથે રાખવાથી યાત્રીઓ પર સિંહ હુમલા નહીં કરે તેવું નહીં! અધિકારીઓ પણ આ વાત જાણે જ છે ! પણ કોઈ પણ વાતમાં સરકાર આવે, સત્તા આવે એટલે રજીસ્ટ્રેશન પહેલું આવે ! હાલ પૂરતું તો સત્તાવાળા યાત્રીઓનો ટેક્ષ ભેગો કરવા માંગે છે ! કમસે કમ માહિતી તો રહે કે ‘જેટલા ગિરનાર પર ચડ્યાં એટલાં નીચે ઊતર્યાં કે નહીં.’

આ પગલાથી સિંહના હુમલા રોકાય કે ન રોકાય પણ જેના પર હુમલો થયો તેની સત્તાવાર ઓળખાણ સરળ પડે તે માટેનું આ પગલું છે. ગિરનાર પર જનાર દરેક યાત્રીના રજીસ્ટ્રેશનની આખી વાતમાં જો કંઈ આવકારદાયક હોય તો એ છે કે આ વખતે પહેલી વાર સત્તાવાળાઓને કોઈ સમસ્યાના ઉકેલ માટે ‘શિક્ષકો’ યાદ આવ્યા નથી ! બાકી વસતી ગણતરી, મતદાતા સૂચિ, તળાવ ઊંડાં કરવાં કે સુલભ શૌચાલય ગણતરી કરવાથી માંડીને ‘અપાર આઈ ડી’ અને હવે ‘ડ્રોપ આઉટ’ વિદ્યાર્થીઓની શોધ સુધીની પરંપરામાં આ એક વધુ કામગીરી પણ શિક્ષકો માથે આવી શકતી કે ‘જાવ... સિંહ ભગાડો !’

આમ તો ઉપરની વાત મજાક લાગે, પણ ભણવાનું અધવચ્ચે છોડી દેનાર વિદ્યાર્થીને શોધવા અને તેને શાળામાં પાછો લાવવાની કામગીરી માટે શિક્ષકને જવાબદારી સોંપી શકાય, વિદ્યાર્થીને આપવાની વિવિધ સ્કોલરશીપ માટે રજીસ્ટ્રેશનમાં ઉપયોગી ‘અપાર આઈડી’ માટે પણ શિક્ષકને કામગીરી સોંપી શકાય અને ક્યારેક ‘તીડ ઉડાડવાં’ પણ તેમનો ઉપયોગ વિચારી શકાય તો સિંહ ભગાડવા માટે પણ વિચારી જ શકાય !

આ વાતમાં આગળ વધતાં પહેલાં એક સ્પષ્ટતા કે શિક્ષણ જગતની ચિંતામાં જ્યાં જ્યાં ‘શિક્ષક’ નામ વપરાય છે તે સરકારી શાળાનાં શિક્ષકો માટે જ છે સમજવું. ખાનગી શાળાનાં શિક્ષકોની તો મુશ્કેલીઓ જ જૂદી છે ! તો મૂળ વાત સિંહોની નથી કરવી. જૂનાગઢ જિલ્લામાં ગેરકાયદે ફેલાયેલા રિસોર્ટ, જંગલનો સાંકડો થતો વિસ્તાર, ગીર જંગલ અને આસપાસના વિસ્તારોમાં ગેરકાયદે સિંહદર્શનની વધતી ઘટનાઓ, માણસો અને વાહનોનું મોટા પ્રમાણમાં જંગલ વિસ્તારમાં જવું આવવું આ બધું ભેગું મળીને પરિણામ એ આવ્યું છે કે સિંહ માણસની સુગંધ અને લોહી બન્ને ચાખી ગયો છે. આપણી અવરજવર એટલી વધી છે કે માત્ર સિંહ નહીં, અન્ય જનાવર-જંતુના પણ માણસ પર હુમલા વધવાના છે. વધી રહ્યા છે. પણ જેમ બધાં કારણોને નિયંત્રિત કરવાને બદલે તંત્ર માત્ર યાત્રીઓના રજીસ્ટ્રેશનને પ્રાથમિકતા આપે છે તેમ શાળામાં બાળકો અધવચ્ચે અભ્યાસ છોડી દે છે તે માટે (ડ્રોપ આઉટ રેશિયો માટે) અનેક સામાજિક-આર્થિક કારણો જવાબદાર હોય છે. સરકાર આ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માંગતી હોય તો તેણે તટસ્થ રીતે સંસ્થાઓના ઉપયોગ દ્વારા આ ‘ડ્રોપ આઉટ’ નાં કારણોનો અભ્યાસ કરાવવો જોઈએ ! વર્ષો પહેલાં સરકારી શાળાઓમાં પ્રવેશદર વધારવા માટે મધ્યાહ્ન ભોજન યોજના અને પછી મફત સ્ત્રી શિક્ષણ જેવી યોજનાઓ શરૂ થઈ હતી તે આ રીતે જ થઈ હતી.

બાકી કેટલાં બાળકોએ ભણવાનું છોડ્યું તે આંકડો તો શાળા પાસે સહજ રીતે મળી જાય ! પણ બાળકે કેમ ભણવાનું છોડ્યું ! એ શોધવા શિક્ષકને ઘરે ઘરે મોકલવો એ સિંહના હુમલા રોકવા શિક્ષકને ઊભો રાખવા જેવું જ છે !

બાળકો અધવચ્ચે શિક્ષણ છોડી દે છે તે આપણી ગંભીર આર્થિક-સામાજિક સમસ્યા છે. સરકારે તેનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જ જોઈએ પણ આ આખી કસરત માત્ર સરકારી શિક્ષણ સંસ્થા અને શિક્ષકો પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ. ડ્રોપ આઉટ માટે શ્રમિકોનું સ્થળાંતર, બાળકીઓને બહુ ભણાવવાની જરૂર નથી એવી માનસિકતા, શિક્ષણ વગરની સ્કૂલો, નોકરીઓની ઘટતી માત્રા જેવાં અનેક પરિબળો કામ કરે છે. સરકારને આપણે વિનંતી કરીએ કે સ્માર્ટ સ્કૂલો પછી બનાવજો, પહેલાં માળખાકીય સુવિધાવાળી શાળાઓ બનાવો. શિક્ષકોની ભરતી કરો. મધ્યાહ્ન ભોજનનો વ્યાપ-ગુણવત્તા બંને સુધારો અને દરેક સ્કૂલમાં હવે વધારાના શિક્ષકોની ભરતી કરો જે સમાજસુરક્ષા, સ્કોલરશીપ, બી.એલ.ઓ, વસ્તી, નામ સુધારણા જેવાં જ કામ કર્યા કરે અને વચ્ચે વચ્ચે સમય મળે ત્યારે ભણાવી પણ લે ! આ હસવાની વાત નથી !.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ગુરુપૂર્ણિમા એ જીવતરનો ઉજાસ છે

**મંગલ મસ્તી**



રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**માનવીનો એક જ ધ્યેય, જીવતરમાં આનંદ મળવો જોઈએ? બાકી, ઉંમર વધે ને શરીરમાં કરચલીઓ પડે એમ બધું રાબેતા મુજબ તો થવાનું**

સુખ અને દુ:ખ તો પૂનમ અને અમાસ જેવાં છે. અમાસ સહન કરીએ તો જ પૂનમનું અજવાળું મળે. બાકી, સમયનાં ગ્રહણ તો રાજા રામને પણ નડેલાં. જાનકીનાથે પણ નહિ જાણેલું કે, સવારે શું થવાનું છે? સમય સમયના ખેલ છે..! ચમનિયો જન્મ્યો ત્યારે ચમનાથી ઓળખાતો, પછી ચમનિયો થયો. થોડોક ઠેકાણે પડ્યો એટલે ચમનભાઈ અને ચમનજી કહેવાયો. જેવો ગુરુ ઘંટાલ બન્યો એટલે ચમનિયો હવે, પ.પૂ.ધ.ધૂ. ચમનદેવબાપુ તરીકે ઓળખાય છે બોલ્લો..!

માનવીનો એક જ ધ્યેય, જીવતરમાં આનંદ મળવો જોઈએ? બાકી, ઉંમર વધે ને શરીરમાં કરચલીઓ પડે એમ બધું રાબેતા મુજબ તો થવાનું. એ પણ જીવતરનો એક લીસોટો છે. પૂર્વજો સંસ્કાર આપી ગયેલા કે, ‘મા-બાપને પગે લાગીને આશીર્વાદ લેવાનો, સમર્થ ગુરુના ચરણસ્પર્શ કરવાના, પણ ગુરુ ઘંટાલના હવાલે નહિ જવાનું. મા બાપ એ, ધરતીનાં ભગવાન છે. મા-બાપ એટલે ધરતી ઉપર ઊતારનાર ‘વેલ્યુએબલ’સ્પોન્સર..!

મા-બાપ જીવન આપે અને સમર્થ ગુરુ જીવતરની બાંધણી કરે. સમયના પરિવર્તન સાથે ગંગા એવી ઉલટી વહેતી થઇ કે, મા-બાપ વૃધ્ધાશ્રમમાં ને દીકરાઓ ગુલતાનમાં..! એને ખાનદાની કરચલી કહેવાય. જે લોકો મા-બાપનો આદર કરે છે, એ સ્વયં શ્રવણ છે, પણ જે માત્ર, મધર્સ ડે કે ફાધર્સ ડે ના દિવસે જ દર્શન આપવા જાય એ, વૃદ્ધ મા-બાપના આંખનો શ્રાવણ છે. એમનો એક જ મુદ્દાનો કાર્યક્રમ હોય, દર્શન આપ્યાં, ફૂલ પકડાવ્યું અને wish કર્યું, એટલે વાર્તા પૂરી..! પછી સીતા-રામ..! સમર્થ ગુરુનો અભાવ હોય તો જીવતરમાં પ્રભાવ આવતો નથી. શું કહો છો રતનજી..?

પ્રકૃતિ પ્રાણી સંબંધો આ બધું જ ગુરુવર્ય છે. શ્રીમદ્ ભાગવત પુરાણના ૧૧મા સ્કંધમાં ઉલ્લેખ્યા પ્રમાણે ભગવાન દત્તાત્રેયે, પૃથ્વી-આકાશ-જળ-વાયુ-અગ્નિ--સૂર્ય-ચંદ્ર- કબૂતર-અજગર-સમુદ્ર-પતંગિયું-ભમરો-મધમાખી-હાથી-હરણ-માછલી-પિંગલા-ટીટોડી-નાનું બાળક- કન્યા-લુહાર-સાપ-કરોળિયો-કાચિંડો જેવા ૨૪ ગુરુઓ બનાવેલા. એ એવો શ્રદ્ધેય કાળ હતો કે, ગુરુઓનો ડંકો વાગતો. ગુરુ પરશુરામ, ગુરુ વેદવ્યાસ, ગુરુ બૃહસ્પતિ, ગુરુ શુક્રાચાર્ય, ગુરુ વશિષ્ઠ ઋષિ, ગુરુ સાંદિપની, જેવા અનેક ઋષિમંત ગુરુઓની ભારત પાસે મૂડી હતી. બધા એવા તપસ્વી કે, તેમના જંગલના સરનામાંથી, જંગલ પણ મંગલ કહેવાતું. સમર્થ ગુરુઓએ ભારતને કેવા કેવા મહાપુરુષોની ભેટ આપેલી..? ચંદ્રગુપ્ત મૌર્યને સમ્રાટ બનાવનાર આચાર્ય ચાણક્ય હતા. છત્રપતિ શિવાજી મહારાજને વીર બનાવનાર સમર્થ ગુરુ રામદાસ હતા. અર્જુનને શ્રેષ્ઠ ધનુર્ધર બનાવનાર ગુરુ દ્રોણાચાર્ય અને સ્વામી વિવેકાનંદના આધ્યાત્મિક ગુરુ રામકૃષ્ણ પરમહંસ હતા. એટલે જ તો ધરતી ઉપર આજે પણ ‘ગુરુપૂર્ણિમા’નો મહિમા જીવંત છે. ગુરુઓનો આદર અને પૂજન થાય. શિષ્યને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય, શિષ્યનો અહમ ભાંગીને,‘ઓમ’તરફ લઈ જાય..! ‘ગુરુ’શબ્દ ભલે બે અક્ષરનો છે, પણ એ બે અક્ષરો બેઅક્ષરી ભગવાન ‘શ્રીરામ’ની ખોટ નહિ આવવા દે, એનું નામ સતગુરુ..! ગુરુ માત્ર શિક્ષક નથી, સાચા માર્ગદર્શક પણ છે. આપણી પાસે આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ કે અનેક પ્રકારના કાર્ડ ભલે હોય, પણ એકાદ સમર્થ ગુરુનું પણ સરનામું હોવું જોઈએ.

કહેવાયું છે કે, “ગુરુ કરવા જાણીને, ને પાણી પીવું ગાળીને..!”સમર્થ ગુરુ મળ્યા તો શ્રી હરિ, ને ગુરુ-ઘંટાલ મળ્યા તો પથારી ફરી..! સમર્થ ગુરુને પામવા હોય તો, ધુળધોયા પડે. આજે આપણે સમયના એવા વર્તારામાં છીએ કે, ગુરુ માટે એક ટેન્ડર બહાર પાડો તો ઢગલેબંધ ગુરુઓ મળે..! એવા મોજીલા મળે કે, એમની પાસે તપસ્યા ના હોય, પણ સમસ્યા ભરપેટ મળે. અમુક તો ગેલમાં રહેવા કરતાં, જેલમાં વધારે હોય. મસ્ત મઝાની મખમલી ગાદી ઉપર બેસીને AC ની ટાઢક લેતા હોય, મોબાઈલમાં ચેટીંગ અને ચીટીંગ કરીને, તકિયા હુંફાળા કરતા હોય..! ધૂણીમાંથી બોણી શોધતા હોય, ને ચીપિયાને બદલે લોકોને ખખડાવતા હોય..! હાથમાં માળા હોય, ને મોંઢામાં મોંઘાદાટ માવા હોય..! શાપ અને વરદાન તો ઠીક, હાટડીની પાવતી વધારે આપતા હોય..! દેખાડો ભલે સમર્થ ગુરુ જેવો કરે, પણ પૂરો ગુરુ ઘંટાલ પણ હોય..! એક વાત છે, જેમ સારી પત્ની મળવી એ નસીબની વાત છે, એમ સારા ગુરુ મળવા પણ ભાગ્યની વાત છે...!

શ્રાવણ મહિનાનું મંગળાચરણ થશે, એટલે, જાત જાતના તહેવારો આવશે. ઉજવાશે ખરા, સુગંધ ના હોય..! સાપ ગયા ને લિસોટા રહી ગયા જેવું ..! નાગ પંચમીએ નાગદેવતાનું પૂજન કરશે, પણ આડે દહાડે નાગ દેખાયો તો ક્રૂર થતાં વાર નહિ લાગે. શીતળા સાતમના તહેવારે, સામેથી ટાઢું માંગીને ખાશે, પણ આડે દહાડે ટાઢું મળ્યું તો, ડખા શાંત નહિ પડે. માટે સમય વરતે સાવધાન રહેવું એ જ શ્રેષ્ઠ..! નહિ તો પછી લિસોટા..!

ગુરુ ઘંટાલ બનવા માટે ડીગ્રીની જરૂર પડતી નથી. મસ્ત મઝાનો ચહેરો હોય, દાઢી મૂછ શોભતા હોય અને ભગવો ચઢાવવામાં અણખટ ના હોય તો, ગુરુની ફેકલ્ટીમાં પડી, ગુરુ ઘંટાલ બનવા જેવું. અમારા ચમનિયાને પણ થયું કે, મારામાં કોઈ કમી નથી, લાવ હું પણ ગુરુ બની જાઉં..! એના કપાળમાં કાંદા ફોડું, ગુરુપૂર્ણિમાનું ટાંકણું પકડીને બંદાએ ભગવો ચઢાવી દીધો યાર..? દાઢી મૂછ ખરીદવાની ઝંઝટ હતી નહિ, એ પણ બેફામ વધારી દીધી. ભગવું પણ ચઢાવી દીધું. પછી તો દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહીએ. ધીરે ધીરે એન્જીન પાછળ ડબ્બા જોડાતા ગયા ને ચમનિયામાંથી ‘પ.પૂ.ધ.ધૂ. ચમનદેવ-બાપુ’ બની ગયો. એવો ઠઠારો જમાવ્યો કે, એક દિવસ એને ભણાવનાર શિક્ષકે, એને જોયો અને ગોથાં ખાઈ ગયા. શિક્ષક પામી ગયા કે, આ તો મારો દાંડ વિદ્યાર્થી ચમનિયો..! ભગવામાં લપેટાયેલો હોવાથી, જાહેરમાં તો ખંખેરાય પણ કેમ..? છતાં સ્વગત બોલાઈ ગયું કે, ‘‘ડફોળ ચમનિયા તું..?’ ચમનિયાને કોઈ અસર થઈ નહિ, પણ શિક્ષકને તમ્મર આવી ગયા. જ્યારે ચમનિયાના શિષ્યોના મોઢેથી પ્રચંડ શંખનાદ અને ‘સમર્થ ગુરુદેવ પ.પુ.ધ.ધૂ. ચમનદેવ મહારાજની જય હો’ સાંભળ્યું ત્યારે તો, શિક્ષકને ‘એટેક’ જ આવવાનો બાકી રહી ગયો..! સ્વાભાવિક છે ને યાર..? દાંડ વિદ્યાર્થી ગુરુનો ગુરુ બની જાય તો, મા-સ્તરથી સહન થાય..?

એના કપાળમાં કાંદા ફોડું,ચમનિયાનો ઠાઠ જોઈને શિક્ષકના કાનમાં વીંછી ભરાઈ ગયો હોય એટલી વેદના તો થઈ પણ કરે શું..? પણ શિક્ષકને બોધ મળ્યો કે, જીવતરમાં ખમતીધર થવાનો આ પણ એક shortcut છે. જ્યાં અસત્યનો પ્રવાહ ધોધમાર વહેતો હોય, ત્યારે સત્ય મૂંગું બની જાય..!

વેદનાગ્રસ્ત હાલતમાં પણ શિક્ષકે જગતને એટલો જ સંદેશ આપ્યો કે, ‘ગુરુ ઘંટાલની આંગળી ઝાલવા કરતાં, પોતાની ‘વાઈફ’ની આંગળી ઝાલીને ચાલીએ તો, કાળી બિલાડીની પણ તાકાત નથી કે, આડી ફરી વળે...!’

**લાસ્ટ બોલ**

હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવે સાહેબ (જેમની સાથે મેં ત્રણ હાસ્યના કાર્યક્રમ કરેલા) લખે છે કે, સંસારમાં સૌથી મોટો ગુરુ માનવીની પરિસ્થિતિ છે. સુખ જ જોઈતું હોય તો, ત્રણ ગુરુઓની અવગણના નહિ કરવાની.

પહેલા ગુરુ પત્ની: જે આપણને મૌન રહેવાની મોટી સાધના શીખવે છે.

બીજા ગુરુ પાડોશી: જે આપણી કીર્તિ (અથવા પંચાત) મહોલ્લામાં ફેલાવવાનું પરમ કર્તવ્ય બજાવે છે.

ત્રીજા ગુરુ ખિસ્સાકાતરુ: જે ક્ષણભરમાં આપણને મોહ-માયા અને પૈસાના મોહમાંથી મુક્તિ અપાવી દે છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## અસેરીગઢની સ્વચ્છતા

અસેરીગઢ પાલઘર જિલ્લા (મહારાષ્ટ્ર) મુકામે હમણાં ટ્રેકિંગ માટે જવાનું થયુ ત્યાં ગજબની સ્વચ્છતા જોવા મળી આ ઐતિહાસિક પર્વત પર સ્વચ્છતા જાળવવા માટે જંગલ ખાતાએ પથ્થર માચી ને જડી દીવાલ વાળા બનેલા કચરાના કુંડા (ડસ્ટબિન) બનાવ્યા છે. પ્રવાસીઓ પ્લાસ્ટિકની બોટલો અને અન્ય કચરો તેમાં જ નાખે છે. તેના કારણે સમગ્ર પર્વત પર ગમે ત્યાં પ્લાસ્ટિકનો કચરો જોવા મળતો નથી. મોટાભાગે પાણી કે ઠંડાપીણાની બોટલો અને વેફરનાં ખાલીપાઉચ હોય છે. જંગલ ખાતાનો આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે. સાથે સાથે પ્રવાસીઓએ પણ પોતાની જવાબદારી સમજીને કચરો ડસ્ટબિનમાં જ નાખવો જોઈએ અને જંગલ તથા ઐતિહાસિક સ્થળોની સ્વચ્છતા જાળવવામાં સહભાગી બનવું જોઈએ. અસેરીગઢનો આ પ્રયાસ દેશના અન્ય પ્રવાસન સ્થળો માટે પણ પ્રેરણારૂપ બની શકે છે. કુદરતને સ્વચ્છ રાખવી એ દરેક નાગરિકની ફરજ છે. ચાલો આપણે આપણાથી સ્વચ્છતાની શરૂઆત કરીએ.

**સુરત - મુકેશ બી. મહેતા**

## આક્રમક વૃત્તિ... ઉકેલ ક્યાં!

હોસ્ટેલમાં રહેતી એક છોકરીએ તેની બહેનપણી જમવામાં માત્ર અથાણું ન લાવી, એટલે એ છોકરીને ચપ્પુ હુલાવી દીધું, હાથની નસો કાપી નાંખી!કારણ સાવ ક્ષુલ્લક પણ પરિણામ ભયંકર ! કેટલાક કિસ્સામાં તો સામાન્ય બોલાચાલી, ધક્કો લાગી જવો, માત્ર પાંચ -દસ રૂપિયાની લેતી દેતીમાં, ઉધાર આપવાની ના પાડતા બાળક કે વ્યક્તિ આક્રમક બની મારામારી,ખૂન સુધીની હદે પોંહચી જાય છે. આણે મારું અપમાન કર્યું, એને અત્યારેજ પાઠ ભણાવવો પડશે. આવા સમયે ક્ષણિક આવેગ એટલો તીવ્ર હોય છે કે પરિણામનો ડર બ્લોક થઈ જાય છે.ત્યારે વિચાર આવે છે કે વ્યક્તિમાં કે બાળકોમાં આવી આક્રમક વૃત્તિ,ગુસ્સો, બદલાની ભાવના આવે છે ક્યાંથી?શું આક્રમક વૃત્તિનાં બીજ ચિત્તમાં સુષુપ્ત અવસ્થામાં પડેલા જ હોય છે,જે સમય આવતા પ્રોત પ્રકાશે છે!પણ બધાંજ આક્રમક નથી થતાં.જેમણે સાચી કેળવણી લીધી છે, સારા ખરાબની સમજ છે, સંવેદના છે, સામેની વ્યક્તિની પરિસ્થિતિ ને સમજી શકે, માફ કરી શકે છે તે આવું કૃત્ય કરતાં નથી. પાંચમા,છઠ્ઠા ધોરણથી લઈને મેડિકલનો વિદ્યાર્થી આત્મહત્યા કરે છે ત્યારે એટલું તો સમજી શકાય છે કે આ બાળકો, યુવાનોમાં ભણતર છે પણ ગણતર નથી.પરિવાર દ્વારા તથા શિક્ષણમાં(કેળવણીમાં) ક્યાંક મૂલ્યો કેળવવામાં ત્રુટિ તો નથી રહી ગઈ ને?સફળતા-સફળતાના અતિરેકમાં નિષ્ફળતા ને સ્વીકારવાનું ચુકાઈ તો નથી ગયું ને?સર્વત્ર માર્કસને મહત્વ આપવામાં મીનિંગ આપવાનું ભુલાય જાય છે એવું નથી લાગતું!સામાજિક, આર્થિક, માનસિક પરિબળો ભાગ ભજવે છે, પણ આ બાબતોને સમાજે ગંભીરતાથી સમજવી,સ્વીકારવી અને વિચારવી રહી.

**સુરત - અરુણ પંડ્યા**

## ભગવતીકુમાર શર્મા

ગુજરાતી સાહિત્યમાં જેમનું નામ આદર પૂર્વક લેવામાં આવે છે. એવા સાહિત્યકર અને પત્રકાર ભગવતીકુમાર શર્માનો મેં ૩૧ના રોજ જન્મ દિવસ હતો. એટલે ભાગ્વતીભૈને યાદ કરવા જરૂરી છે. તેમણે તેમના જીવનના ઘણા વર્ષો ગુજરાતમિત્રમાં સેવા આપી હતી.એટલું જ નહી તેઓ અનેક ન્યુઝ પેપરમાં તેમની કોલમો લખતા હતા. તેમણે અનેક સાહિત્યિક લેખો લખ્યા હતા. ભગવતીભાઈ ગુજરાતી કવિતા, ટૂંકીવાર્તાઓ, નવલકથા, નિબંધલેખન, નાટ્ય રૂપાંતર જેવા સાહિત્યના અનેક ક્ષેત્રમાં પોતાનો કસબ અજમાવ્યો હતો. આ મહાનુભાવ સાથે એક વાર ટ્રેનની મુસાફરી દરમિયાન મુલાકાત થયેલી. તે સમયે તેમની સાથે રતિલાલ અનિલ અને નયન હ.દેસાઈ પણ હતા. આ ત્રણેય ત્રિપુટી સાથે સાહિત્યની અનેક વાતો થઇ હતી. જેનું સ્મરણ કરતા આનંદની લાગણી અનુભવું છું. ભગવતીભાઈએ ગુજરાતી અનેક કાવ્યો લખ્યા હતા ગઝલ પણ લખી હતી. તેમનું વરસાદ માટેનું એક કાવ્ય હવે પહેલો વરસાદ,બીજો વરસાદ અને છેલ્લો વરસાદ એવું કાઈ નહી. ભગવતીભાઈ આંખની તકલીફના કારણે વધુ અભ્યાસ ન કરી શકેલા પરંતુ પાછળથી તેમણે બી.એનો અભ્યાસ કર્યો હતો. તેમણે દક્ષીણ ગુજરાત યુનીવર્સીટીએ ડી.લીટની ડીગ્રી એનાયત કરી હતી. ભગવતીભાઈને અનેક ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. તેઓ મૂળ અમદાવાદના હતા પરંતુ તેમના વડવાઓ સુરત મુકામે આવીને વસ્યા હતા.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

## ગણેશ સ્થાપના, ધાર્મિક આસ્થા કે નકરો દેખાડો?

સુરત ના ઈતિહાસ માં પહેલી વખત ૪૨ ફૂટના શ્રીજી બિરાજમાન થશે.” તા.૧૧, જૂલાઇ ના આજ અખબાર માં જાહેરનામા નીવિગત મુજબ,આ વર્ષે માટીની પ્રતિમા ૯ ફૂટ તથા POP ની ૫ ફૂટ થી વધુ ઉપર પ્રતિબંધ રહેશે. આ સાથે જ લેખકે શંકા વ્યક્ત કરી કે જાહેરનામા ની અસર થશે કે પછી દર વર્ષ ની જેમ મોટી મૂર્તિ સ્થાપિત થશે. જાહેરનામા ના સમાચાર ના સાત જ દિવસમાં અધધ ઉંચી પ્રતિમાની શોભાયાત્રા આજકાલ માં નીકળશે. લેખક વધુ માં ઉત્સાહ થીજણાવે છે કે,બે ત્રણ દિવસ થી ડી.જે.ની ટ્રક તૈયાર થઈ રહી છે.શાનો ઈતિહાસ રચાયો રહ્યો છે? ઘોઘાટ નો,માનવ કલાકો ના વ્યય નો, કુમળા બાળકો ના ભણતર ના વેડફાટ નો કે પછી પૈસા ના પ્રદર્શન નો? ઉત્સવ વિના નું જીવન શુષ્ક,રોબોટ જેવું હોય એટલે લોકોઆવી ઉજવણી માં ભાગ લે અને આનંદ માણે એ જરૂરી છે.પણ કોઈપણ વાત માં અતિરેક અનિષ્ટ ને નોતરે છે. આ વર્ષ ના માનવસર્જિત પુર ને કારણે અસંખ્ય પરિવારો નું જીવન દયનિય થયું છે ત્યારે, સુરતીલાલાઓ એમની ઉદારતા થી વહારે રહી ફરી બેઠા કરી ઈતિહાસ રચવાનો આ સમય છે. વિઘ્નહર્તા,સૌ આયોજકો ને સદબુદ્ધિ આપે એવી પ્રાર્થના.

**સુરત - ભુપેન્દ્ર રાયજી**

## ભારતમાં આવી રહેલી શૈક્ષણિક ક્રાંતિ

ભારત માં આવી રહેલી શૈક્ષણિક ક્રાંતિ : કેટલીક સાવચેતી જરૂરી ઉપરોક્ત વિષય પર તારીખ ૧૬ જુલાઈ, ૨૦૨૬ નાં ગુજરાતમિત્ર નાં ચર્ચાપત્ર વિભાગ માં આદરણીય ડૉ. કિરીટ ભાઈ ડુમસિયા નું ચર્ચાપત્ર વાંચ્યું. અને પરદેશ નો ખર્ચ કર્યા વિના ભારત માં જ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળે તે ચોક્કસ આનંદ નાં સમાચાર છે જ. પણ એક વિચાર એવો આવ્યા વિના રહેતો નથી કે એવા કેટલાક ઉદાહરણો છે જ, કે અમેરિકા જવાનાં મોહ માં , કે પછી માતાપિતા પોતે અમેરિકા જવા માં નિષ્ફળ રહેલા હોઈ, સંતાનોને ગમે તે રીતે ત્યાં સ્થાયી કરવા રઘવાયા થઈ ક્યારેક ત્યાંની સ્થાનિક ધોરણે પ્રમાણમાં ઉતરતી કક્ષાની યુનિર્વિસટી માં પ્રવેશ મેળવી પછી ત્યાં પૂરતા પ્રમાણમાં આર્થિક સ્થિરતા આપતી આજીવિકા મેળવી શકતા નથી અને વિષમ પરિસ્થિતિમાં મૂકાય છે. તો અહીં આવવા યુનિવર્સિટીઓ પણ આતુર હશે જ. પણ તેમને અહીં પ્રવેશ આપવામાં કાળજી રાખવી અત્યંત જરૂરી છે જ. અંગ્રેજોએ અહીં શૈક્ષણિક વ્યવસ્થા ઉભી કરી તેનાં ચોક્કસ ફાયદા થયા સાથે પોતાની ભારત પર સત્તા જાળવવાનાં હેતુ થી પોતાનાં વહીવટ માં સરળતા રહે તેવી કારકુનો ની ફોજ પણ ઊભી કરી હતી જે લોર્ડ મેકોલે ની પોલિસી હતી એવી ટીકા પણ આપણે ત્યાં થતી રહી છે. માટે આવનાર વિદેશી યુનિવર્સિટીઓ ભારત નું બધું જ ખરાબ છે એવું અહીં નાં વિદ્યાર્થીઓ નું બ્રેનવોશ નહીં કરે તે જરૂરી છે. તેઓ ભલે પોતાને ત્યાં ભારતીય ભાષાઓ અને આયુર્વેદ જેવા વિષય ભણાવતી હોય.

**સુરત - પિયુષ મહેતા**